Extra No. 258

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 16, 2025 / BHADRA 25, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-યુનિટ-૬-૨૦૨૫.

પોરબંદર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩ થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ(૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (સુધારા) એક્ટ-૨૦૦૯થી ગુજરાત પ્રોવિન્શિયલ કોર્પોરેશન અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે મહાનગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકારે મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (શહેરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના (સુધારા નિયમો ૨૦૧૪) માં સુધારો કરી મહાનગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ ની પેટા કલમ (૩) માં ખંડ (ક) તથા પેટા કલમ (૪), (૫), (૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી-૨૪૧ ઓફ ૨૦૨૫/યુડીયુએચડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી, તા.૦૯/૦૭/૨૦૨૫. જેને હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પોરબંદર મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયેલ તે આંકડા આધારે પોરબંદર મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો ૫૨ નક્કી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૫. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો-૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એકસરખી રહે અને સામાન્યત: વોર્ડોની સરેરાશ વસતિ કોઇપણ વોર્ડોમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસતિમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડોની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનું સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ની વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસતિ ૨૨૮૬૮૫ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૧૭૫૯૧ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયુ છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે મુજબ કોઇપણ વોર્ડની વસતિ સરેરાશ વસતિના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકા ઘટતી નથી.

૮. મહાનગરપાલિકાના ૧૩ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી રેલ્વેલાઇન, રોડલાઇનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ (સુધારા) ૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે. તેમજ નિયમોના નિયમ (સુધારા) ૫ અન્વયે દરેક વોર્ડોમાંથી બે બેઠકો સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો આ જાતિઓની વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે પોરબંદર મહાનગરપાલિકા માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે અને ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નક્કી કરવાનું થાય છે.

૧૨. સને : ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧૩	૧૫૯૩૩	૩૮૩૯	૨૪.૦૯
૨	૪	૧૮૬૬૫	૩૪૩૩	૧૮.૩૯
૩	૬	૧૭૯૭૧	૩૨૨૯	૧૭.૯૭

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૪	૨	૧૮૩૫૩	૧૬૭૨	૯.૧૧
૫	૩	૧૭૮૮૨	૧૪૬૪	૮.૧૯
૬	૧	૧૭૫૫૩	૮૧૬	૪.૬૫
૭	૯	૧૭૩૯૬	૨૭૮	૧.૬૦
૮	૧૧	૧૭૩૦૯	૨૧૮	૧.૨૬
૯	૧૦	૧૬૦૯૪	૧૧૨	૦.૭૦
૧૦	૭	૧૮૮૯૫	૧૨૨	૦.૬૫
૧૧	૫	૧૭૧૩૮	૫૨	૦.૩૦
૧૨	૧૨	૧૬૪૬૩	૮	૦.૦૫
૧૩	૮	૧૯૦૩૩	૮	૦.૦૪
કુલ		**૨૨૮૬૮૫**	**૧૫૨૫૧**	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં ૧૩, ૪ તથા ૬ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકની ફાળવણી કરવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૧૩માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૪ અને વોર્ડ નં.૬ માં અનુસૂચિત સ્ત્રીની બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૩, ૪ તથા ૬ માં નિયમ-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૧૩	અનુસૂચિત જાતિ
૨	૪	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૬	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે પોરબંદર મહાનગરપાલિકા માટે ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે.

૧૭. સને : ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૩	૧૭૮૮૨	૧૦૦૫	૫.૬૨
૨	૧૧	૧૭૩૦૯	૮૩૨	૪.૮૧
૩	૧૦	૧૬૦૯૪	૪૮૫	૩.૦૧
૪	૨	૧૮૩૫૩	૨૦૭	૧.૧૩
૫	૯	૧૭૩૯૬	૧૩૮	૦.૭૯
૬	૪	૧૮૬૬૫	૮૦	૦.૪૩
૭	૧૩	૧૫૯૩૩	૪૯	૦.૩૧

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૮	૫	૧૭૧૩૮	૪૯	૦.૨૯
૯	૧૨	૧૬૪૬૩	૪૨	૦.૨૬
૧૦	૧	૧૭૫૫૩	૨૪	૦.૧૪
૧૧	૬	૧૭૯૭૧	૧૯	૦.૧૧
૧૨	૭	૧૮૮૯૫	૦	૦.૦૦
૧૩	૮	૧૯૦૩૩	૦	૦.૦૦
કુલ		**૨૨૮૬૮૫**	**૨૯૩૦**	

૧૮. આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઉંચી ટકાવારીના ક્રમ બુજબ વોર્ડ નં. ૩, માં નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેના અનામત બેઠક ફાળવણી કરવાની થાય.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૩	અનુસૂચિત આદિજાતિ

૧૯. જાહેરનામા અન્વયે ૧૪ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૭ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત કરવામાં આવેલ છે.

૨૦. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(અ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

પોરબંદર મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસતિ તથા પછાતવર્ગની અંદાજિત વસતિ અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતિ	પછાતવર્ગની કુલ વસતિ(અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૭	૧૮૮૯૫	૧૭૭૨૦	૯૩.૭૮
૨	૮	૧૯૦૩૩	૧૫૫૮૦	૮૧.૮૬
૩	૨	૧૮૩૫૩	૧૪૭૩૪	૮૦.૨૮
૪	૧	૧૭૫૫૩	૧૩૪૪૫	૭૬.૬૦
૫	૩	૧૭૮૮૨	૧૧૨૪૧	૬૨.૮૬
૬	૪	૧૮૬૬૫	૧૦૧૧૧	૫૪.૧૭
૭	૧૩	૧૫૯૩૩	૮૦૧૨	૫૦.૨૯
૮	૧૧	૧૭૩૦૯	૮૦૫૦	૪૬.૫૧
૯	૫	૧૭૧૩૮	૭૪૧૯	૪૩.૨૯
૧૦	૧૨	૧૬૪૬૩	૭૧૨૫	૪૩.૨૮
૧૧	૧૦	૧૬૦૯૪	૬૬૮૨	૪૧.૫૨
૧૨	૬	૧૭૯૭૧	૬૬૧૫	૩૬.૮૧
૧૩	૯	૧૭૩૯૬	૪૪૪૫	૨૫.૫૫
કુલ		**૨૨૮૬૮૫**	**૧૩૧૧૭૯**	

પછાતવર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૭, ૮, ૨, ૧, ૩, ૪, ૧૩, ૧૧, ૫, ૧૨, ૧૦, ૬, અને ૯ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી શકય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતાં વોર્ડ નં. ૭, ૮, ૧, ૪, ૧૩, ૧૨, અને ૬ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય, વોર્ડ નં. ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે પરંતુ અનુસૂચિત આદિજાતિ બેઠક ફાળવેલ હોઈ, વોર્ડ નં. ૩ માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં. ૪ પછાતવર્ગની બેઠક ફાળવીએ તેમજ વોર્ડ નં. ૧૩ પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ અનુસૂચિત જાતિ બેઠક ફાળવેલ હોઈ, વોર્ડ નં. ૧૩ માં પછાત વર્ગ સ્ત્રી અને વોર્ડ નં. ૧૧ માં પછાતવર્ગની બેઠક ફાળવીએ, વોર્ડ નં.૭ માં પછાતવર્ગની અને પછાતવર્ગ સ્ત્રી એમ બે બેઠકોની ફાળવણી કરવાની થાય છે. આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૭	પછાતવર્ગ
૨	૮	પછાતવર્ગ સ્ત્રી
૩	૨	પછાતવર્ગ
૪	૧	પછાતવર્ગ સ્ત્રી
૫	૩	પછાતવર્ગ સ્ત્રી
૬	૪	પછાતવર્ગ
૭	૧૩	પછાતવર્ગ સ્ત્રી
૮	૧૧	પછાતવર્ગ
૯	૫	પછાતવર્ગ
૧૦	૧૨	પછાતવર્ગ સ્ત્રી
૧૧	૧૦	પછાતવર્ગ
૧૨	૬	પછાતવર્ગ સ્ત્રી
૧૩	૯	પછાતવર્ગ
૧૪	૭	પછાતવર્ગ સ્ત્રી

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને પોરબંદર મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો રજૂ કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, સરદાર ભવન, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, પોરબંદરને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ પોરબંદર મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૧

પોરબંદર મહાનગરપાલિકા, પોરબંદર જિલ્લો

સને, ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડાના આધારે પોરબંદર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન.

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન.

રે.સ.નં.૫૭૨ પૈકીમાં આવેલ રામકૃષ્ણ મીશનથી ઈશાન ખૂણે વળીને રે.સ.નં.૬૦૩ પૈકી બાદ રે.સ.નં.૪૩૭ માં આવેલ વાડી વિસ્તાર આવરી લઈને રે.સ.નં.૪૫૩/૧ માં દેગામના સીમાડા સુધી ચાલીને અગ્નિ ખૂણે વળી નેશનલ હાઈવે ક્રોષ કરી હનુમાન મંદિરવાળો વિસ્તારને આવરી લઈને રે.સ.નં.૨૬૧ વિગેરે સર્વે નંબરમાં આવેલ વાડીવિસ્તારને આવરી લઈને ત્યાથી ઉતર તરફ વળીને રે.સ.નં.૨૫૮ માં પાંડાવદરના સીમાડા સુધી ચાલીને ત્યાથી પૂર્વ તરફ પાંડાવદરના સીમાડાની હદ ઉપર ચાલીને ત્યાથી કોલીખડાના સીમાડા સુધી ચાલીને ત્યાથી નૈરૂત્ય તરફ કોલીખડાના સીમાડાની હદે હદે ચાલીને રે.સ.નં.૨૫૭ પીરાગારવાડી વિસ્તાર થઈને ગાયત્રી પ્લોટનો વિસ્તાર આવરી લઈને રે.સ.નં. ૭ શંકર મંદિર વિસ્તાર આવરી લઈને અગ્નિ ખૂણે વળીને રે.સ.નં.૫/૧ ગુરૂકુળ તારા મંદિરવાળો વિસ્તાર આવરી લઈને ત્યાથી દક્ષિણ તરફ ખાડી સુધી જઈ ત્યાથી વાયવ્ય તરફ ખાડીને સમાંતર ચાલીને તિરૂપતી મંદિર, ડો.કારાવદરા ના દવાખાના વાળો વિસ્તાર આવરી લઈ રે.સ.નં.૧૭ સતીઆઈ માતાનું મંદિર તથા દાંડિયા રાસ ચોક વિસ્તાર આવરી લઈને ત્યાથી નૈરૂત્ય ખૂણે વળી રે.સ.નં.૫૭૨ તુંબડા વિસ્તાર આવરી લઈને ત્યાથી વાયવ્ય ખૂણે વળી કે.કે.નગર વિસ્તાર આવરી લઈને ત્યાથી ઈશાન ખૂણે વળીને રે.સ.નં.૫૭૨ પૈકીમાં આવેલ રામકૃષ્ણ મિશન સુધીમાં મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ વિસ્તાર/હદ.

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન.

રે.સ.નં. ૯ માં આવેલ ખાપટ પંચાયત કચેરી પાસેનો વિસ્તાર નવાપરા, જુનાપરાનો વિસ્તાર આવરીને તથા રવિપાર્ક સોસાયટી વિસ્તાર આવરીને રે.સ.નં. ૪૦/૨/૪૮/૭ માં આવેલ શ્રીરામ પાર્ક તથા વાડીવિસ્તારના અગ્નિ ખૂણે થી આગળ વધીને આવેલ વાડી વિસ્તાર આવરીને ધરમપુર ગ્રામપંચાયત એરીયામાં પ્રવેશીને રે.સ.નં. ૧/૨ અ ૨ હદે હદે ચાલતાં ઉત્તર તરફ વળી વાયવ્ય ખૂણેથી રેલ્વે લાઈન આવી પશ્ચિમ તરફ રેલ્વે લાઈનની હદે હદે ચાલતા રે.સ.નં. ૧/૨ ૧૨ આવરીને રે.સ.નં. ૪૧, ૪૨ માં આવેલ મીરાનગર વિસ્તાર આવરીને દ્વારકા નેશનલ હાઈવે હદે હદે ખાડીકાંઠે ચાલતા ચુનાભઠ્ઠા વિસ્તાર તથા શિવમ સોસાયટી આવરીને સમશાન આવરીને ઓમનગર ગાયત્રી મંદિર પાસેનો વિસ્તાર થઈ આર્યકન્યા ગુરૂકુળનો પશ્ચિમ વિસ્તાર આવરીને રે.સ.નં. ૯ માં આવેલ ખાપટ પંચાયત કચેરી સામેનો મહાનગરપાલિકા હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર ૩ નું હદનું વર્ણન

રે.સ.નં. ૩/૧૧ અ/૧ અનુસૂચિત જાતિ વાસ તથા ગામતળ કોળીવાડ વિસ્તારથી રે.સ.નં.૨૨૧ તથા ૩ માં આવેલ રેલ્વે લાઈન ઉપર આવીને ઈશાન ખૂણેથી સીધી લીટીમાં રેલ્વે લાઈનની હદે હદે ચાલતાં રે.સ.નં. ૪૦ માં આવેલ રાજપરાનો ટીંબો મોજે આદીતપરાના સીમાડે થઈને અગ્નિ ખૂણેથી વળીને મોજે અમરદળ પીપળીયાના સીમાડે ચાલીને આગળ નેઋત્ય ખૂણે વળીને મોજે પીપળીયાના સીમાડે ચાલીને વાયવ્ય ખૂણેથી રતનપરના સીમાડા સુધી રે.સ.નં.૧૮૮/૨૦૫, ૧૯૨ ૧૮૫, ૧૮૪ માં આવેલ હરજી ભાણજી વાડીથી ગંગા મહેરની વાડીથી પશ્ચિમ તરફ ગાત્રાળ માતાજીના મંદિરથી રે.સ.નં.૧૮૮ માં આવેલ સાંદીપની ગૌશાળા આગળનો વિસ્તાર આવરીને રબારીકેળા વિસ્તારથી ઈશાન ખૂણે વાળીને તળાવના કાંઠા વિસ્તાર આવરીને સિદ્ધિ વિનાયક સોસાયટી આવરીને રે.સ.નં. ૩/૧૧ અ/૧ અનુસૂચિત જાતિવાસ સહીત મહાનગરપાલિકાની હદનો સમાવિષ્ટ થતો વિસ્તાર/હદ.

વોર્ડ નં. ૪ ની હદનું વર્ણન.

રે.સ.નં.૧૩૭ માં આવેલ ભોલા છગનના મકાનથી પૂર્વ તરફ ચાલીને ખાડી કાઠાં ઝુપડપટ્ટીને આવરીને મહાનગરપાલિકાની હદને સમાંતર ચાલીને ખાડીકાંઠાની ઝુપડપટ્ટી આવરીને રે.સ.નં.૧૩૭ માં આવેલ રેલ્વે લાઈન સુધી તથા નૈઋત્ય ખૂણે વળી રેલ્વે લાઈનને સમાંતર ચાલીને માટીના કારખાનાવાળો વિસ્તાર તથા રેલ્વેસ્ટાફ કવાટર્સ આવરી લઈ આગળ વાયવ્ય ખૂણે વળીને રેલ્વે લાઈન સમાંતર પૂર્વ તરફ ચાલીને રે.સ.નં.૧૩૭ માં આવેલ મહારાણા મીલના કોર્નર ઉતર તરફ ચાલીને મીલપરા મેઈન રોડ ઉપર રામભાઈના દતાના મકાન સુધી ચાલીને ત્યાંથી ઉતર તરફ ઝુંડાળા જોશી સ્કુલ પાસેનો વિસ્તાર તથા રે.સ.નં.૧૧૯ માં આવેલ પોરાઈ માતાના મંદિરનો આસપાસનો વિસ્તાર આવરીને ઉતર તરફ વળીને ત્યાંથી પશ્ચિમ તરફ ચાલી મહાનગરપાલિકાના જાહેર શૌચાલય આવરીને બાલાજી ભીખાના મકાન થઈ રે.સ.નં.૧૩૭ માં આવેલ ભોલા છગન સુધીનો ખાડીકાંઠા વાળો મહાનગરપાલિકા હદ સુધીનો સમાવિષ્ટ વિસ્તાર.

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન.

રે.સ.નં.૧૪૯ માં આવેલ કુંભારવાડા જયુબેલી પુલ તરફ રોડની જતા દક્ષીણ તરફ આવરીને પૂર્વ તરફ ચાલીને અગ્નિ ખૂણે થઇ દક્ષિણ તરફ વળીને વિઠલભાઈના મકાન આવરીને રૂપાલી હોટલ વાળા રસ્તા તરફ ચાલીને કુભાર વાળા પૂર્વ તરફ વળીને મેઈન રોડ ચાલીને માતૃશ્રુતી મકાનના સામેના મકાનથી પૂર્વ તરફ ચાલીને પૂર્વ તરફ રૂપાલી હોટલ વાળા રસ્તા ઉપર ચાલી રાજાભાઈની દુકાન થઇ જયુબેલી મેઈન રોડ ઉપર નવી ખડપીઠ આવરી લઈને ખાડી કાંઠે મહાનગરપાલિકાની હદ સુધી ચાંલી ત્યાંથી પૂર્વ તરફ વાળીને રે.સ.નં.૧૩૭ માં આવેલ બાવાજીના

સ્મશાનને આવરી લઈને ખડીકાંઠા સ્લમ વિસ્તારથી દક્ષિણ તરફ વળીને ચાલીને ભોલાભાઈના મકાન થઈ પશ્ચિમ તરફ ચાલી ત્યાથી નૈઋત્ય ખૂણે થઈ દક્ષિણ તરફ લાલજીભાઈના મકાનથી પૂર્વ તરફ ચાલીને ભીખુભાઈ કોળીના મકાનથી પસાર થઈ ચામુંડા પાન, કારાવદરાના મકાનથી દક્ષિણ તરફ વળીને જય વછરાજ હોટલ થઈ મિલપરા મેઈનરોડ ઉપર પશ્ચિમ તરફ ચાલીને ઉતર તરફ વિસ્તાર આવરીને રે.સ.નં.૧૩૭ પૈકીમાં આવેલ મીલની ચાલીને આવરીને રેલ્વે પાટાથી નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ રેલ્વે પાટાની સમાંતર ચાલીને અગ્ની ખૂણે વળી દક્ષિણ તરફ નારાયણ નિવાસ મકાન વળીને ફાયર બ્રિગ્રેડ રસ્તા ઉપર ચાલીને લાલ ડેલાને આવરીને એસ.વી.પી રોડ ઉપર આવી દક્ષિણ તરફ પાંજરા પોળ રોડ ઉપર સમાંતર ચાલીને અગ્ની ખૂણે વળીને પૂર્વ તરફ એમ.જી. રોડ ઉપર આવીને ડી.કે.પાનઘરથી સોનેરી મેડીકલની પૂર્વે પોલીસ લાઈન આવરીને હોસ્પિટલ રોડ ઉપર સમાંત્તર ચાલીને રે.સ.નં.૧૦૭ પૈકીમાં આવેલ રાજ કેમેસ્ટ્રીથી નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ વળી રાધે પરોઠા હાઉસથી નૈઋત્ય ખૂણે વળીને રામચા હોટલ થઈ જુની વિવો મોબાઈલ દુકાને થઈ વાયવ્ય ખૂણે વળીને ઉતર તરફ રાણીબાગ પાછળનાં રોડ ઉપર ચાલીને એમ.જિ.રોડ આવી પશ્ચિમ તરફ સમાંતર ચાલી નેશનલ પેટ્રોલિયમ ઓફિસથી પશ્ચિમ તરફ એમજી રોડ ઉપર ચાલી રાજાણી સીરામિક્સ દુકાનને આવરીને ઉત્તર તરફ ચાલી કેદારેશ્વર રોડ ઉપરથી ઈશાન ખૂણે વળીને રમણ વસ્ત્ર ભંડારને આવરીને પૂર્વ તરફ કેદારેશ્વર રોડ ઉપર ચાલી ગધાઈવાળા વિસ્તાર તથા રે.સ.નં.૧૫૦ પૈકીમાં આવેલ જગન્નાથ મંદિરને આવરી લઈને તથા સુદામા મંદિર આવરી લઈ રે.સ.નં.૧૫૦ પૈકીમાં આવેલ હનુમાન ગુફા પોલીસ સ્ટેશન ઉપર આવી એસ.વી.પી રોડ અને ઉત્તર તરફ ચાલીને વેજીબેન ભગતના મકાન થઈ ઉત્તર તરફ ચાલીને કાંધલી કૃપા ટ્રાન્સપોર્ટ પાસેની ગલીમાં પસાર થઈ જૂનો કુંભાર વાડો શેરી નંબર ૪ ના રસ્તે ચાલીને રેલવે પાટાને સમાંતર આવેલા રોડ સુધી પહોંચીને વાયવ્ય ખૂણેથી વળીને પશ્ચિમ તરફ માધાભાઈની ઘંટીને આવરીને રેલવે લાઈનને સમાંતર ચાલીને હુસેન મૂસાના ઘરને આવરીને ઉત્તર તરફ ચાલીને દરાણીયા રોડ ઉપર આવીને રે.સ.નં.૧૪૯ માં આવેલ કુંભારવાડા જયુબેલી પુલ તરફ જતા દક્ષિણ તરફ વિસ્તાર આવરીને મહાનગરપાલિકા હદમાં સમાવિષ્ટ થતા તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૬ ની હદનું વર્ણન.

રે.સ.નં.૧૩૮માં આવેલ રામદેવપીર વિસ્તાર, સ્લોટર હાઉસ વિસ્તાર તથા ચુનાભઠ્ઠા વિસ્તારને આવરી મહાનગરપાલિકાની હદે ચાલી ખાડીકાંઠેના સ્લમવિસ્તાર તથા નવા કુંભારવાડા શેરી નંબર-૨૫ નો વિસ્તાર આવરીને રે.સ.નં.૧૩૮ પૈકીમાં આવેલ જગતિયાભાઈના મકાનથી દક્ષિણ તરફ વળીને જુના બંદર પુલ તરફ જતાં રસ્તાની વિરુદ્ધ દિશામાં મુસ્લિમ મસ્જિદને આવરીને દક્ષિણ તરફ રે.સ.નં.૧૩૮ પૈકીમાં જુના કુંભારવાડાના પ્રાથમિક શાળા વિસ્તાર આવરીને રૂપગર અપારનાથીના મકાનના વાયવ્ય ખૂણાથી વળીને ઉત્તર તરફ વળીને ભીની અરજન કેશવાલાના મકાનથી નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ કુંભારવાડા શેરી નંબર-૯ અને સમાંતર ચાલીને કોહિનૂર મટીરીયલ દુકાને આવીને દક્ષિણ તરફ રેલવે પાટાને સમાંતર ચાલીને હવાબેન હાસનના મકાનથી પશ્ચિમ તરફ વળીને તકીયા તરફ જતા રસ્તા ઉપર સમાંતર ચાલીને સંગીતા પાનવાળી દુકાને આવીને લિબર્ટી શોપીંગ સેન્ટર તરફ જતા રસ્તા ઉપર સમાંતર ચાલીને પશ્ચિમ તરફ વળી સુતારવાડા વિસ્તારને આવરીને તથા કેદારનાથ મંદિરની પાસેના રસ્તા ઉપરથી પસાર થઈ એમ.જી રોડ નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ ચાલી રે.સ.નં.૧૫૦ પૈકીમાં માણેકચોકના મધ્યબિંદુ સુધી આવીને વાયવ્ય ખૂણેથી વળીને ઉત્તર તરફ શીતલા ચોક વિસ્તારને આવરી એસ.વી રોડ ક્રોસ કરી ઝવેરી બંગલો થઈ મેમણવાડ વિસ્તારને આવરીને રેલવે પાટા સુધી પહોંચીને નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ રેલવે પાટા ઉપર સમાંતર ચાલીને રે.સ.નં.૧૩૮માં આવેલ રામદેવપીર વિસ્તાર, સ્લોટર હાઉસ વિસ્તાર તથા ચુનાભઠ્ઠા વિસ્તાર સુધીનો મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૭ ની હદનું વર્ણન.

રે.સ.નં.૧૪૭ માં આવેલ જૂની એ.સી.સી. સિમેન્ટ ફેક્ટરીના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ ફેક્ટરીની હદે ચાલીને શહીદચોક થઈ ઈશાન ખૂણે વળી ફીશ માર્કેટનો વિસ્તાર આવરીને રે.સ.નં.૧૪૯ માં આવેલ જૂનો અનુસૂચિત જાતિ વર્ગના લોકોનો વિસ્તાર, ચુના ભઠ્ઠા વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણે વળીને દક્ષીણ તરફ બંદર રોડ ઉપર સીધી લીટીમાં ચાલી જૂની ખડપીઠ વિસ્તાર, ગાત્રાળ માતાજી મંદિર તથા રોયલ હોસ્પિટલ થઈને એસ.વી.પી રોડ ઉપર આવીને સમાંતર ચાલી શીતલાચોક સુધી ત્યાંથી કસ્તુરબા ગાંધી રોડ ઉપર સમાંતર ચાલીને કીર્તિ મંદિર થઈ રે.સ.નં.૧૫૦ પૈકીમાં આવેલ માણેકચોક મધ્યબિંદુ થઈને શાકમાર્કેટ સામે કંસારા બજાર વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણે વળીને ઝવેરી બજાર, હોળી ચકલા વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણે વળીને આકાશદીપ આઈસ ફેકટરી તથા જાનકી મરીન એજન્સીનો પાછળનો વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણેથી વળીને મોટાફળી વિસ્તાર, ખારવાવાડ પ્રાર્થના મંદિર તથા શાંતિ હોલ વિસ્તાર આવરીને અગ્નિ ખૂણે વળીને રે.સ.નં.૧૪૬માં આવેલ મીરાપીરની દરગાહ, પોર્ટ ગોડાઉન વિસ્તાર આવરીને ઉતર તરફ વળીને જુના બંદર મહાનગરપાલિકા હદે હદે ચાલીને રે.સ.નં.૧૪૭ માં આવેલ જૂની એસ.એસ.સી ફેકટરી સુધીનો મહાનગરપાલિકામાં સમાવીસ્ટ થતો તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૮ ની હદનું વર્ણન.

પેટાગોળ-૮ માં આવેલ સુભાષનગરના ખાડીના કિનારે કિનારે ચાલી મહાનગરપાલિકાની હદ સુધી જેમાં ખાંભા બે માં આવેલ અસ્માવતીઘાટ, સોમનાથ મંદિર, જૂનો બંદર વિસ્તાર આવરીને નેઋત્ય ખૂણેથી વળીને જુના બંદર રોડ ઉપર આવેલ ઉતર તરફનો વિસ્તાર આવરીને જૂની દીવાદાંડી વિસ્તાર આવરીને જેમાં સલાટ વાડ વિસ્તાર આવરીને કસ્તુરબા ગાંધી રોડ ઉપર આવી ઈશાન ખૂણેથી વળી નોર્થ બંદર રોડ ઉપર આવેલ સુલભ શૌચાલય તથા બંદર પોલીસ ચોકીને આવરીને જુના બંદર રોડ ઉપર આવી ઉતર તરફ વેકુરડી પ્લોટ વિસ્તારને આવરીને પશ્ચિમ તરફ ચાલીને મસ્જીદ ચોકથી ઉતર તરફ વળીને પૂર્વ તરફ ચાલી ઈશાન ખૂણે વળીને વેકુરડી પ્લોટ વાળી શેરીમાં થઈ ઉતર તરફ ચાલી

એમ.જિ. રોડ ઉપર આવી ડ્રીમલેન્ડ સિનેમા સહીત પાછળનો વિસ્તાર આવરીને દક્ષીણ તરફ એમ.જિ. રોડ ઉપર ચાલી માણેકચોક પોહચીને દક્ષીણ તરફ કસ્તુરબા ગાંધી રોડ પર આવીને પશ્ચિમ તરફ વળી જુના નાગરવાડા વિસ્તાર આવરીને સ્વાતી હોલ, ખારવાવાડ વિસ્તાર આવરીને પશ્ચિમ તરફ ખાડી કાંઠે કાંઠે ચાલીને ઉતર તરફ સુભાષ નગર વિસ્તાર ક્રોસ કરીને ખાંભા ચારથી ઈશાન ખૂણે વળીને ખાડી કાંઠે ચાલીને ઝાવરના સીમાડે રે.સ.નંબર-૮ માં આવેલ સૌરાષ્ટ્ર સોલ્ટ વર્કસ આવરીને વાયવ્ય ખૂણે વાળીને રે.સ.નંબર ૧૨૪ પૈકી માધવ કલીનીકને આવરીને વાયવ્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ ઝાવરના સીમાડે સીમાડે ચાલતા જે હદ વિસ્તારમાં આવેલ અમર કોલ્ડ સ્ટોરેજ, પદમાણી માતાજીનું મંદિર, જાડેશ્વર મંદિર તથા રે.સ.ન. ૧૨૩ માં આવેલ અનમોલ ફીશ ફેક્ટરી પાસે ઝાવરનો વિસ્તાર આવરીને અગ્નિ ખૂણેથી વળીને સુપર ગેસના ટાંકાઓનો વિસ્તાર આવરીને ઝાવરની હદે હદે ચાલીને પેટાગોળ-૮ માં આવેલ સુભાષનગરના ખાડીના કિનારે કિનારે ચાલી મહાનગરપાલિકાની હદ સુધીનો સમાવેશ થતો તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૯ ની હદનું વર્ણન.

રે.સ.નંબર ૧૦૯ માં આવેલ પી.જિ.વી.સી.એલ.સર્કલ ઓફિસ આવરીને રેલવે પાટાથી અગ્નિ ખૂણે વળીને દક્ષિણ તરફ રેલવે સ્ટેશન સિવાયનો વિસ્તાર આવરીને રેલ્વેના પાટે પાટે સમાંતર ચાલીને અગ્નિ ખૂણે વળી દક્ષિણ તરફ ચાલીને ઝવેરી બંગલા થઈને રે.સ.નંબર ૬૨ માં આવેલ જલારામ કોલોની વિસ્તારને આવરીને એમ.જિ.રોડ ઉપર આવી નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ એમ.જિ.રોડ ઉપર સમાંતર ચાલી ક્રિષ્નાપાર્ક આવરીને જેલ કમ્પાઉન્ડ તથા રે.સ.નંબર ૭૭ માં આવેલ વાડીપ્લોટ વિસ્તાર આવરીને કમલાનેહરૂ બાગના નૈઋત્ય ખૂણે વળીને દક્ષિણ તરફ માલીનિવાસને આવરીને પૂર્વ તરફ વળીને રે.સ.નંબર ૪૦ પૈકીના છાયાચોકી ચાર રસ્તા ઉપર આવીને નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ ખીજડી પ્લોટ તરફ જતાં મેઈન રોડને સમાંતર ચાલીને રે.સ.નંબર ૧૦૭ માં આવેલ ભોજેશ્વર પ્લોટ, સ્વામી વિવેકાનંદ મેમોરિયલ તથા દુલીપ ક્રિકેટ ગ્રાઉન્ડને આવરીને એમ.જિ.રોડને સમાંતર ચાલી અગ્નિ ખૂણે વળી દક્ષિણ તરફ બિરલાહોલથી નવા કુવારા તરફ જતા રોડ ઉપર સમાંતર ચાલીને રે.સ.નંબર ૩૩ માં આવેલ મ્યુનિસિપલ કોલોની વિસ્તાર તથા શાસ્ત્રી સર્કલ કુવારાને આવરીને નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ વળી રે.સ.નંબર ૯ માં આવેલ પાણી પુરવઠા બોર્ડની ઓફીસ તથા કોલોની રોડ ઉપર સમાંતર ચાલીને કંકાઈ માતાજીના મંદિર પાસેના ચોપાટી ગેટથી વિલા સર્કિટ હાઉસ આવરીને સમુદ્ર કિનારે આવેલા ચોપાટી રોડ ઉપર ઉત્તર તરફ સમાંતર ચાલીને હિન્દુ સ્મશાનભુમીના અગ્નિ ખૂણે વળીને પૂર્વ તરફ બંદર રોડ ઉપર ચાલીને સુંદર સંગમ મકાનને આવરીને ઉત્તર તરફ જતાં જાહેર માર્ગ ઉપર ચાલીને વાયવ્ય ખૂણો વળીને પશ્ચિમ તરફ લંઘાવાડ વિસ્તારને આવરીને ઉત્તર તરફ ચાલી ઈશાન ખૂણેથી વળીને પૂર્વ તરફ ચાલી રે.સ.નંબર ૩/૧ માં આવેલ જૂની કોર્ટ કમ્પાઉન્ડને આવરીને એમ.જિ.રોડ ઉપર ભાવસિંહજી પાર્ક (રાણીબાગ) થઈને ઈશાન ખૂણેથી વળી પૂર્વ તરફ સમાંતર એમ.જી રોડ ઉપર ચાલીને દક્ષીણ તરફ વળીને ભાવસિંહજી હોસ્પિટલ આવરીને એસ.ટી. રોડ ઉપર પૂર્વ તરફ વળીને બાલુબા કન્યા વિદ્યાલયને આવરીને હનુમાન ચોક (જૂનો કુવારો) પહોચીને પશ્ચિમ તરફ વળીને એમ.જિ.રોડ પર સમાંતર ચાલીને રૂપાળી બાગ આવરીને ઉતર તરફ વળીને પાંજરાપોળ વિસ્તાર આવરીને એસ.વી.પી. રોડ ઉપર આવી પશ્ચિમ તરફ વળીને અબોટી બ્રહ્મ સમાજની વાડી આવરીને ઉતર તરફ વળીને રામટેકરી રોડ ઉપર ચાલીને રે.સ.નંબર ૧૦૯ માં આવેલ પી.જિ.વી.સી.એલ.સર્કલ ઓફિસ સુધીનો મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૧૦ ની હદનું વર્ણન.

રે.સ.નંબર ૪૦ માં એમ.જી રોડ ઉપર આવેલ પી.એચ.વાડિયા પેટ્રોલપંપ પૂર્વ તરફથી એમ.જી રોડ ઉપર સમાંતર ચાલી અગ્નિ ખૂણે વળી દક્ષિણ ખૂણે માળી ફુલહાર દુકાને આવરીને રે.સ.નંબર ૭૭ માં આવેલ છાયાચોકી તરફ જતા રસ્તાને સમાંતર ચાલીને ભરત પાનથી ઈશાન ખૂણેથી વળી જાદવજી મૂર્તિના મકાન થઈ પશ્ચિમ તરફ વળતા જ્ઞાનજ્યોત ક્લાસીસ સામેની ગલીમાં વળીને ઉત્તર તરફ એમ.જી રોડ ઉપર આવી રે.સ.નંબર ૪૧/૧ માં આવેલ કમલાબાગ, પંચવટી સોસાયટી, હાઉસિંગ બોર્ડ વિસ્તારને આવરીને એમ.જી રોડ ઉપર પૂર્વ તરફ સમાંતર ચાલી એમ.ડી સાયન્સ કોલેજ, લાખાણી પ્રાથમિક શાળા તથા રે.સ.નંબર ૬૦/૩ માં આવેલ એચ.એમ.પી કવાર્ટસ વાળો વિસ્તાર આવરીને મહાનગરપાલિકા કર્લીપુલ સુધી આવીને અગ્નિ ખૂણે વળી દક્ષિણ તરફ અસમાવતી રિવરફ્રન્ટને આવરીને છાયા તરફ જતા રસ્તા ઉપર દક્ષિણ તરફ આવેલ રે.સ.નંબર ૬૦/૩ માં એચ.એમ.પી બંધ ફેક્ટરી વિસ્તારને આવરીને નૈઋત્ય ખૂણે વળી પશ્ચિમ તરફ ખડા વિસ્તાર આવરીને અગ્નિખૂણેથી વળી રે.સ.નંબર ૫૩/૧ માં આવેલ બેંકકોલોની ખડા વિસ્તાર આવરીને દક્ષિણ તરફ છાયા મેઈન રોડ ઉપર આવીને નવી મ્યુનિસિપલ કોલોની વિસ્તાર આવરીને રે.સ.નંબર ૮૧/૩ માં આવેલ જુની છાયા પંચાયત ઓક્ટ્રોયચોકીને આવરીને પશ્ચિમ તરફ ચાલી છાયા કોઝવે આવીને અને નૈઋત્ય ખૂણે વળીને દક્ષિણ તરફ રોડ કોઝવેને સમાંતર રોડ ઉપર ચાલી રે.સ.નંબર ૧૩/૨ માં આવેલ કામદાર કલ્યાણ કેન્દ્ર વિસ્તાર આવરીને વાયવ્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ દરજી જ્ઞાતિની વાડીનો વિસ્તાર આવરીને દક્ષિણ તરફ વળીને અગ્નિ ખૂણેથી પૂર્વ તરફ ચાલીને રે.સ.નંબર ૧૬/૨ માં આવેલ વીરભનુની ખાંભી સુધી આવીને નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ જુરીબાગ મેઈન રોડ સમાંતર ચાલીને રવારાઈ પાનથી ઉત્તર તરફની ગલીમાંથી પસાર થઈ રે.સ.નંબર ૧૫ માં આવેલ સિદ્ધાર્થ સોસાયટી તથા પેરેડાઈઝ સિનેમા વિસ્તારને આવરીને લાલ પેલેસ હોટલના ખૂણાથી ઈશાન ખૂણેથી વળી ઉત્તર તરફ કલેક્ટર બંગલા રોડ ઉપર સમાંતર ચાલીને શાસ્ત્રી સર્કલ કુવારાની બહારની ફરતે ઉત્તર તરફ રે.સ.નંબર ૩૨ માં આવેલ ડે.કમિશનરના ક્વાટર વાળા અને રે.સ.નંબર ૪૦ માં આવેલ ધોબીની વાડી વાળા જાહેર રસ્તા સમાંતર ચાલીને રે.સ.નંબર ૪૦ માં એમ.જી રોડ ઉપર આવેલ પી.એચ.વાડિયા પેટ્રોલપંપ સુધીનો મહાનગરપાલિકામાં સમાવેશ થતો તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૧૧ ની હદનું વર્ણન.

રે.સ.નં-૧૦/૪/૧ માં આવેલ આશાકિડઝવર્ડથી ઉત્તર તરફ ઈશાન ખૂણેથી વળીને લાલ પેલેસ હોટલવાળો વિસ્તાર આવરીને રામ મંદિર રોડ ઉપર સમાંતર પૂર્વ તરફ ચાલીને ગવર્નમેન્ટ કોલોની દક્ષિણ તરફ વળીને ઝુરીબાગ વિસ્તારને આવરીને ઝુરીબાગ મેઈન ઉપર આવીને અગ્નિ ખૂણે રે.સ.નં-૧૦/૪/૧ માં આવેલ વીર ભનુ ખાંભી સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણે વળીને પશ્ચિમ તરફ જતા રોડ ઉપર પહોંચીને ઈશાન ખૂણે વળીને ઉત્તર તરફ હાઉસિંગ બોર્ડ કોલોની આવરીને પૂર્વ તરફ વળીને રે.સ.નં-૧૦/૪/૧ માં આવેલ છાયા કોઝવે રોડ ઉપર આવીને વાયવ્ય ખૂણેથી વળી ઉત્તર તરફ સમાંતર ચાલીને રે.સ.નં-૨૭ માં આવેલ રણ વિસ્તાર આવરીને ત્યાંથી ઈશાન ખૂણે વળી પૂર્વ તરફ વોર્ડ નં.-૧૩ ની હદે હદે ચાલીને રે.સ.નં-૧૬/૨ માં આવેલ બિરલા ફેક્ટરીના સોલ્ટ પ્લાન્ટને આવરીને અગ્નિ ખૂણેથી બિરલા ફેકટરીની લીઝવાળી જગ્યા, નરસિંહ નગર તથા રે.સ.નં-૭ માં આવેલ દૂધેશ્વર મંદિર સુધીનો વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણેથી વળીને રે.સ.નં-૨૫ માં આવેલ ગૌશાળા સુધીનો વિસ્તાર તથા રે.સ.નં-૨૪ માં નાગેશ્વર પાર્ક વાળા વિસ્તારને આવરીને વાયવ્ય ખૂણે વળીને રે.સ.નં-૭ માં આવેલ મહાકાળી મંદિર વિસ્તાર તથા દરિયાય પટ્ટીનો વિસ્તાર આવરીને ઉતર-પશ્ચિમ તરફ ઈન્દિરા નગર વિસ્તાર તથા બિરલા કોલોની બંગલા વિસ્તાર આવરીને દરિયાયપટ્ટીની સમાંતર ચાલીને રે.સ.નં-૧૬/૧ માં આવેલ નવું લાઈટ હાઉસ તથા કોસ્ટગાર્ડ કોલોની વિસ્તાર આવરીને રે.સ.નં-૧૬/૨ માં આવેલ ઝુરીબાગ વિસ્તાર આવરીને ત્યાંથી વાયવ્ય ખૂણે વળીને અરબી સમુદ્રના કિનારે મહાનગરપાલિકાની હદે હદે ચાલી રે.સ.નં-૧૦/૪/૧ માં આવેલ હજૂર પેલેસ આવીને કનકાઈ માતાજીનું મંદિર ફરતે ચાલીને આશાકિડઝવર્ડ સુધીનો મહાનગરપાલિકા હદમાં સમાવેશ થતો તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૧૨ ની હદનું વર્ણન.

રે.સ.નં-૪૧/૧ ના ખડા વિસ્તારમાં આવેલ સતવારાજ્ઞાતિની વાડી આસપાસનો વિસ્તાર તથા રે.સ.નં-૪૧/૨ માં આવેલ રાજગોર બ્રાહમણ જ્ઞાતી વંડિ વિસ્તાર આવરીને અગ્નિ ખૂણે વળીને રે.સ.નં-૪૧/૩ માં આવેલ જનકપુરી સોસાયટી, લક્ષ્મીનગર સોસાયટી વાળો વિસ્તાર આવરીને દક્ષીણ તરફ વળીને રે.સ.નં-૫૨ માં આવેલ એચ.એમ.પી. ફેકટરી વાળા વિસ્તારને આવરીને રે.સ.નં-૩ માં આવેલ વૈશાલી નગર, સત્યનારાયણ નગર, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, પ્રાથમીક શાળા આજુબાજૂનો વિસ્તાર આવરીને દક્ષીણ તરફ ચાલતાં રામ હાઉસીંગ સોસાયટી, ગ્રીનપાર્ક વાળા વિસ્તારને આવરીને રે.સ.નંબર-૪૫ માં આવેલ બેંક કોલોની આજુબાજૂનો વિસ્તાર આવરીને નૈઋત્ય ખૂણે વળીને જડેશ્વર મહાદેવ મંદિર વિસ્તાર, સુભાષ આઈશ ફેકટરી સામેનો વિસ્તાર તથા રે.સ.નં-૧ માં આવેલ સાંઢીયાવાડ વાડી વિસ્તાર આવરીને દક્ષીણ તરફ ચાલતાં અંબિકા સ્કુલ આજુબાજૂનો વિસ્તાર તથા વાછરા ચોક સુધીના વિસ્તારને આવરીને પશ્ચિમ તરફ વળીને પાણીનાં ટાંકા સામેનો નીચાણવાળો રણ વિસ્તાર, પોસ્ટ ઓફિસ તથા રે.સ.નં-૩ માં આવેલ માટીના કારખાનાથી કુંભાર જ્ઞાતિની વંડી સુધીનો વિસ્તાર આવરીને વાયવ્ય ખૂણે વળીને ઉતર તરફ ચાલતાં કુવાથી બ્રહમ સમાજ વંડી સુધીનો વિસ્તાર, એસ.બી.આઈ. બેંક વિસ્તાર તથા સત્સંગ ચોક, લોહાણા મહાજન વંડી આજુબાજૂનો વિસ્તાર, નિલકંઠપાર્ક, ચોરા વિસ્તાર આવરીને ઉતર ત્તરફ ચાલતાં અનુસૂચિત જાતિ સમાજના સ્મશાન વિસ્તારને આવરીને ઉતર તરફ મહેર સમાજ પાછળનો વિસ્તાર તથા સ્વામિનારાયણ મંદિર તથા રે.સ.નં-૪૦ પૈકીમાં આવેલ ઓમનગર સોસાયટી સુધીનો વિસ્તાર આવરીને ઈશાન ખૂણે વળીને રે.સ.નં-૪૧/૧ ના ખડા વિસ્તારમાં આવેલ સતવારાજ્ઞાતિની વાડી આસપાસનો વિસ્તાર સહીત મહાનગરપાલિકા હદમાં સમાવેશ થતો તમામ વિસ્તાર/હદ.

વોર્ડ નંબર ૧૩ ની હદનું વર્ણન.

રે.સ.ન. ૭ પૈકીમાં આવેલ દેવજી ચોકથી વાછરા ફળી તથા જયશ્રી ઈન્ટસ્ટ્રીઝથી સત્સંગ ચોક સુધીનો વિસ્તાર તેમજ સત્સંગ ચોકથી દસનામ જ્ઞાતિની વાડીની પૂર્વ તરફ ડાબાઈ ચોક તેમજ અનુસૂચિત જાતિ વિસ્તારથી વેલજી ચોક સુધીનો વિસ્તાર તથા અનુસૂચિત જાતિવાસ થઈ એ.સી.સી કવોરી પૂર્વ વિસ્તાર રઘુવંશી સોસાયટી ખાડી તરફનો પૂર્વ વિસ્તાર તેમજ ગુડ સેફર્ડ ઈંગ્લિશ સ્કૂલની આજુબાજૂનો તથા એ.સી.સી ક્વોરી રોડ વિસ્તાર થઈ, રે.સ.ન. ૩૦૯ માં આવેલ મહાકાલી સોસાયટી વાડી વિસ્તાર તથા મારુતિ નગર થઈ અવનીપાર્કની આજુબાજૂનો વિસ્તાર તેમજ જુમા મસ્જીદ, સદામ સોસાયટી, કુંભારવાડો, વાછરાનગર તથા વડધરાનો વોકળો આવરીને અગ્નિખૂણેથી વળીને ધરમપુરના સીમાડે સીમાડે થઈ રે.સ.ન. ૮૪ માં મોજે વિરપુર(વનાણા)ના સીમાડે ચાલીને પશ્ચિમ તરફ મોજે મોકરનો સીમાડે ચાલી ખાડીને આવરીને રે.સ.ન. ૬૨ માં આવેલ મોજે ઓડદરના સીમાડે ચાલીને ઉત્તર તરફ રે.સ.ન. ૫૧૩ તથા ૫૦૯ સુધીનો વિસ્તાર આવરીને રે.સ.ન. ૭ માં છાંયા ગામમાં પ્રવેશીને ફાટેલ તલાવડી, ચાડેશ્વર મહાદેવ, ધીંગેશ્વર મહાદેવ, દુધેશ્વરની તલાવડી આવરીને રે.સ.ન. ૭ પૈકીમાં દેવજી ચોક સુધીનો મહાનગરપાલિકા હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર/હદ.

આર. જી. ગોહિલ

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-મનપા-ચુનિટ-૬-૨૦૨૫. તા.૧૬/૦૯/૨૦૨૫નું બિડાણ.

પોરબંદર મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૨૨૮૬૮૫		
કુલ વોર્ડની સંખ્યા	૧૩		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧૭૫૯૧	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૧૯૩૫૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૧૫૮૩૨
બેઠકોની સંખ્યા	૫૨		
કુલ સ્ત્રી બેઠકો	૨૬		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૪	તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૩૬		
સામાન્ય બેઠકો	૧૬		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૧૭૫૫૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૧૮૩૫૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૧૭૮૮૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૧૮૬૬૫	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૧૭૧૩૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૧૭૯૭૧	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૧૮૮૯૫	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૧૯૦૩૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૧૭૩૯૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૧૬૦૯૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૧૭૩૦૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૧૬૪૬૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૧૫૯૩૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	**૨૨૮૬૮૫**				

આર. જી. ગોહિલ

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:36:58 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar